# રીલાયન્સ ચોકડી પાસે વાહનોનો ખડકલો : નાગરીકો હેરાન

## હોટલ, રેસ્ટોરન્ટને પગલે વાહનચાલકો આડેધડ વાહનો પાર્ક કરે છે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર-અમદાવાદ ટ્વીન સીટી બનવા તરફ હરણફાળ ભરી રહ્યું છે. કોબા સુધી તો મોટાભાગે એક થઈ ગયું છે. ત્યારે શહેરની સાથે ન્યું ગાંધીનગર તરીકે કુડાસણ વિસ્તાર પણ ઉભરી આવ્યો છે. રીલાયન્સ ચોકડી પાસે હાલના સમયે આડેધડ વાહનનો ખડકલો જોવા મળે છે. ચોકડી પાસે સાંજ ઢળતા જ ટ્રાફીકની સમસ્યા વકરે છે. આ માર્ગ પરથી પસાર થવું પણ સામાન્ય નાગરીક માટે મુશ્કેલીરુપ છે. ત્યારે આગામી સમયમાં હજુ બે નવા કોમ્પલેક્ષ બનવા જઈ રહ્યા છે ત્યારે આ વિસ્તારમાં ટ્રાફીકની સમસ્યા વધુ વકરે તો નવાઈ નહી.



ગાંધીનગર શહેરના ખાણીપીણી બજાર બાદ નવા ગાંધીનગરમાં કુડાસણના રીલાયન્સ ચોકડી હોટ ફેવરીટ બની છે. ખાણીપીણીનું આ નવુ સરનામું ગાંધીનગરાઓ માટે છે. આ વિસ્તારમાં બ્રાન્ડેડ ખાણીપીણીની દુકાનો આવેલી છે.ત્યારે સાંજ ઢળતા જ સ્વાદના ચટુકડા નગરજનો દુર દુરથી અહી પધારે છે. જયારે આ વિસ્તારમાં રાત્રીના સમયનો નજારો જ કંઈક જુદો હોય છે સામાન્ય નાગરીકોને તો વિદેશમાં ફરતા હોય તેવો અનુભવ થાય છે. ત્યારે આ વિસ્તારમાં પાર્કીંગની સમસ્યા માથાના દુખાવા સમાન છે. મોટા મોટા કોમ્પલેક્ષ તો બનાવી દીધા છે પરંતુ પાર્કીંગની યોગ્ય વ્યવસ્થા ન હોવાથી નાગરીકો પોતાના વાહનો ગમે ત્યાં પાર્ક કરી દે છે.

રીલાયન્સ ચાર રસ્તાથી આગળ જવા માટેના માર્ગ પર વાહનો ખડકાઈ જતા અન્ય વાહન માલિકોને ભારે અગવડતાનો સામનો કરવો પડે છે. ફુડ ઝોન વિસ્તાર હોવાથી જે વ્યકિત ગાડી મુકીને જાય છે તે અડધો કલાક સુધી તો આવતો જ નથી. જેને પગલે વાહન માલિકો વચ્ચે કયારેક ચકમક પણ ઝરતી હોય છે. ત્યારે મોટા કોમ્પલેક્ષ બનાવતા સમયે પાર્કીંગની સુચારુ વ્યવસ્થા ગોઠવી હોત તો આ પરિસ્થિતિ ઉભી ના થાય. ત્યારે તંત્ર દ્વારા આ વિસ્તારમાં આડેધડ પાર્કીંગ કરતા વાહન માલિકો સામે લાલ આંખ કરવાની તાતિ જરુરીયાત ઉભી થવા પામી છે. ત્યારે રીલાયન્સ ચોકડી વિસ્તારમાં કાયમી સમસ્યા દુર થાય તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

# સુજલામ સુફલામ સમાપન કાર્યક્રમ મરતોલી ગામે યોજાશે

મહેસાણા, તા. ૨૭

રાજ્ય સરકાર દ્વારા ૧લી મે થી સુજલામ સુફલામ જળસંચય યોજના અંતર્ગત નદી, નાળા, તળાવો ઉંડા કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. ૧ મહિના દરમિયાન પાણીનો સંગ્રહ થાય અને પાણીના તળ ઉંચા આવે તેવા આશયથી આયોજન કરવામાં આવ્યું છે. સરકારે હાથ ધરેલ આ જળસંચય અભિયાન અંતર્ગત મહેસાણા જિલ્લામાં પણ ઠેરઠેર તળાવો અને નદી-નાળામાંથી માટીકાંપ કાઢવાની કામગીરી પૂરજોશે ચાલી રહી છે. ત્યારે આગામી તા. ૩૧ મે ના રોજ મરતોલી ગામે સવારે ૮ કલાકેથી સુજલામ સુફલામ જળસંચય અભિયાનના સમાપન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. મહેસાણા જિલ્લાનો સમાપન સમારોહ જોટાણા તાલુકાના મરતોલી ગામે યોજાનાર છે. સરકારના જળસંચય અભિયાન અંતર્ગત જિલ્લા કક્ષાના સમાપન સમારોહના સુચારૂ આયોજન માટે બેઠક યોજવામાં આવી હતી. ૩૧ મે ૨૦૧૮ને ગુરૂવારે સવારે ૮ કલાકથી યોજાનાર કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી નિતીનભાઇ પટેલ, સાંસદ જયશ્રીબહેન પટેલ, વિધાનસભા દંડક ભરતસિંહ ડાભી સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહેનાર છે.

સુજલામ સુફલામ કાર્યક્રમ અંતર્ગત મહેસાણા જિલ્લામાં જળસંચયના ૩૪૩ કામોમાંથી ૯૬ કામો પુર્ણ અને ૨૪૭ કામો પ્રગતિમાં છે જે પુર્ણતાના આરે છે. જિલ્લામાં તળાવ અને ચેકડેમ ડીસીલ્ટીંગ કામોમાં ૧૫૨ જેસીબી અને ૩૨૪ ટ્રેકટરો કામ લાગ્યા છે. મહેસાણા જિલ્લામાં અભિયાન તળે જિલ્લાના ૨૪૬ ગામોને આવરી લેવામાં આવેલ છે. આ અભિયાનથી વહી જતાં પાણીનો સંગ્રહ થશે. પશુ-પંખી માટે આશિર્વાદરૂપ, કાંઠા વિસ્તારના ખેતરોમાં સિંચાઈથી ખેડૂતોને ફાયદો થશે અને અતિ મહત્વનું ગામનું પાણી ગામમાં રહેશે.

# ડી બી પારેખ હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓ દ્વારા સ્નેહમિલન સમારોહ યોજાયો

## ૧૯૯૫ન બેચના વિદ્યાર્થીઓ દ્વારા સ્નેહમિલન સમારોહ અને શિક્ષકોને સન્માનનો કાર્યક્રમ યોજાયો



ધાનેરા, તા.૨૭

ધાનેરા માં આવેલી ડી બી પારેખ હાઈસ્કૂલ માં ૧૯૯૫ ની બેન્ચ ના વિદ્યાર્થીઓ ધ્વરા સ્નેહમિલન તેમજ શિક્ષક સન્માનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ભૂતપૂર્વ વિધાર્થીઓ શિક્ષકો તેમજ ગામના અગ્રણીઓએ હાજર રહ્યા હતા અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની કામગીરીને બિરદાવી હતી.

ધાનેરાની જૂની અને જાણીતી ડી બી પારેખ હાઈસ્કૂલમાં ધાનેરા તેમજ ધાનેરા વિસ્તારના મોટા ભાગના વિદ્યાર્થીઓએ અભ્યાસ કરી પ્રગતિ કરી છે અને ઉચ્ચ સિદ્ધિ પ્રાપ્ત કરી છે પરંતુ કેટલાક વિદ્યાર્થીઓ સ્કૂલ છોડ્યા પછી સ્કૂલના મિત્રો અને ગુરૂજીઓને ભૂલી જતા હોય છે પરંતુ ૧૯૯૫ની બેન્ચના વિદ્યાર્થીઓની કામગીરી જ બતાવી રહી છે કે એ લોકો હજુ પોતાના મિત્રો અને ગુરુજીને નથી ભૂલ્યા, ૧૯૯૫ની બેન્ચના વિદ્યાર્થીઓ દ્વારા આજે ધાનેરાની ડીબી પારેખ હાઈસ્કૂલ ખાતે ગુરુજીનો સન્માન તેમજ સ્નેહમિલન કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિધાર્થીઓ દ્વારા ગુરુજીને સાલ ઓઢાડી સન્માન તેમજ વર્ષો બાદ જુના મિત્રો ભેગા થતા ઉત્સાહની લાગણી ફેલાઈ હતી. તો બીજી તરફ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની કામગીરીને ધાનેરાના ગ્રામજનો સહીત શિક્ષકોએ બિરદાવી હતી.

# વિશ્વનો સૌથી વિશાળકાય ૧૧૦૦૮ કુંડીય મહાયજ્ઞ ગુજરાત રાજ્યમાં

ગાંધીનગર, તા. ૨૭

એકવીસમી સદીમાં માનવ વિકાસની હોડમાં ઘણું બધું ગુમાવી દીધું છે હવે એ દિવસો દૂર નહીં જયારે માનો પોતાનું અસ્તિત્વ ખોઈ નાખે. તેના માટે હવે આપણે જાગૃત થવાનો સમય આવી ગયો છે. વિકાસની સાથે પર્યાવરણના વિકાસની પણ ખૂબ જ જરૂરિયાત છે. અને પર્યાવરણના રક્ષણ માટે એક વિશેષ આયોજન કરવાનું વિચાર્યુ હોય આ વિશાળકાય શુભકાર્યની શરૂઆત રૂપે તારીખ ૨૬-૫-૨૦૧૮ ના રોજ શ્રી જગન્નાથ મંદિર પટાંગણમાં ઓડિટોરિયમ ખાતે એક સામાન્ય સભાનું આયોજન કરવામાં આવેલ હતું. આ સભામાં સમગ્ર અમદાવાદમાં થી કોર્પોરેટ જગતના ઉદ્યોગપતિઓ, સ્વેચ્છિક સંસ્થાના વડાઓ તથા સામાજિક આગેવાનો હાજર રહ્યા હતાં. મુખ્ય અતિથિ વિશેષ તરીકે શ્રી પી.કે. લહેરી સાહેબ (ફોર્મર ચીફ સેક્રેટરી ગુજરાત), શ્રી નરેન્દ્રસિંહ ઝાલા (ડિરેકટર, ફિલ્મ સીટી), શ્રી ગૌરાંગ ભગત (પ્રમુખશ્રી મસ્કતી માર્કેટ અને ન્યુક્લોથ માર્કેટ, કમીટી મેમ્બર - GCCI), શ્રી મહેન્દ્રભાઈ ઝા (ટ્રસ્ટીશ્રી જગન્નાથ ટેમ્પલ કમિટિ), શ્રી દિલીપભાઈ શાહ (એનિમલ વેલફેર), શ્રી હિરેનભાઈ વ્યાસ (ફાઉન્ડર, ન્યૂઝઓનલાઈનગ્રુપ), અને અગ્રણી મહિલા માર્ગદર્શક રૂઝાન ખંભાયતા એ હાજરી આપી હતી.

વિશ્વનો સૌથી વિશાળ ૧૧૦૦૮ કુંડીય મહાયજ્ઞ ગુજરાતમાં ૧૦ થી ૧૬ ફેબ્રુઆરી ૨૦૧૯ આયોજન કરવામાં આવેલ છે જેમાં ૫૦ હજારથી વધુ યજમાન ભાગ લેશે તથા સાત લાખથી વધુ લોકોની જમવાની / પ્રસાદીની સુવિધા તથા એક લાખ લોકોની રહેવાની સુવિધા રહેશે. આ મહાયજ્ઞના શુભ કાર્યક્રમના સંદર્ભમાં યોજાયેલી સભામાં દીપ પ્રાગટ્ય શ્રી.પી.કે લહેરી સાહેબ સહિત અને મહાનુભાવોના હસ્તે થયેલ છે.

# મોડાસાના ઝાલોદરનો ગૂમ ધો.૧૦નો વિદ્યાર્થી મળી આવ્યો

## મોડાસાના ઝાલોદર એસ.એસ.સી.માંથી નાપાસ થવાના ભયથી ઘર છોડી ફરાર યુવાન સાકરીયા નજીકથી મળતા પરિવારજનોમાં આનંદ

મોડાસા, તા. ૨૭

મોડાસાના ઝાલોદર ગામનો ધોરણ-૧૦નો વિદ્યાર્થી નાપાસ થવાના ભયથી ગભરાઈ ઉઠતા મોડાસા વેકેશનમાં કોમ્પ્યુટર ક્લાસીસમાંથી બારોબાર ગુમ થઈ જતા અને મોડી રાત્રી સુધી ઘરે પરત નહિ ફરતા ભારે ચકચાર મચી હતી અને પરિવારજનોમાં ભારે ચિંતા ફરી વળતા મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં જાણવાજોગ ફરિયાદ આપતા પોલીસે તપાસનો ધમધમાટ શરુ કર્યો હતો. પરિવારજનોને પણ શોધખોળ યથાવત રાખતા ગુરુવારનો ગુમ થયેલો છાત્ર સાકરીયા નજીકથી ચાલતો ચાલતો જતો મળી આવતા પરિવારજનોમાં રાહતનો શ્વાસ લીધો હતો અને વ્હાલોસોયો મળી આવતા આનંદ છવાયો હતો. ધોરણ-૧૦ના પરિણામના અગાઉ દિવસે છાત્ર મળી આવતા અનેક તર્ક વિતર્ક સર્જાયા છે.

ભણતરના ભાર અને માબાપની વધુ પડતી મહત્વકાંક્ષાઓને પગલે અભ્યાસ કરતા બાળકો માનસિક રીતે ભારે યાતનાઓમાંથી પસાર થતા હોય છે અને દબાણ સહન કરી ન સકતા અનિચ્છનીય પગલું ભરી દેતા હોય છે અને પરિવારજનોને ભારે મુશ્કેલીમાં મૂકી દેતા હોય છે. મા બાપ અને વાલીઓ માટે આંચકાજનક આવોજ એક કિસ્સો મોડાસાના ઝાલોદર ગામે બહાર આવતા પરિવારજનો અને સગા-સંબંધીઓમાં ભારે દોડધામ મચી હતી. ધોરણ-૧૦માં અભ્યાસ કરતો ઝાલોદરનો એક છાત્ર ગણિતનું ટ્યૂશન કરવા છતાં ગણિતનું પેપર સારું ગયું ન હોવાનું અને નાપાસ થઈશ તેવું જણાવી ચિંતામાં ગરકાવ થઈ ગયો હતો ત્યાર બાદ વેકેશનમાં કોમ્પ્યુટર ક્લાસીસ કરતો હોવાથી ગુરુવારે મોડાસા કર્મા કોમ્પ્યુટરમાં રિક્ષામાં આવવા નીકળી મોડાસા ચાર રસ્તા ઉતર્યા બાદ ક્યાંક જતો રહેતા અને રાત્રી સુધી ઘરે પરત ન ફરતા પરિવારજનો મોડાસા દોડી આવ્યા હતા. ધોરણ-૧૦નો છાત્ર ગુમ થતા મોટી સંખ્યામાં સગા-સંબંધીઓ મોડાસા પોલીસ સ્ટેશને રજુઆત કરવા પહોંચી ગુમ છાત્ર વિષે જાણવાજોગ ફરિયાદ આપી હતી. મોડાસા ટાઉન પોલીસે સંભવિત સ્થળોએ તપાસ હાથ ધરી હતી. પરિવારજનો અને સગા-સંબંધીઓએ પણ વિવિધ સ્થળોએ તપાસ આદરી હતી. ત્રણ દિવસ પછી આજે પરિવારજનો શોધખોળમાં હતા ત્યારે સાકરીયા નજીક ગુમ થયેલ છાત્ર ચાલતો ચાલતો જતો મળી આવતા પરિવારજનોએ રાહતનો શ્વાસ લીધો હતો અને વ્હાલોસોયો હેમખેમ મળી આવતા આનંદ છવાયો હતો.



ગાંધીનગર તાલુકાના પુન્દ્રાસણ ખાતે સરળ હપ્તેથી ટાઉનશીપના પ્લોટ આપવાની વિદ્યુતનગર સ્કીમ ૭ વર્ષ પહેલા લોંચ કરાઈ હતી. જેમાં હજુ સુધી ગ્રાહકોને પ્લોટ મળી શક્યા નથી તેથી પોતાના ચુકવેલા પૈસા પરત લેવા ગ્રાહકો સ્કીમ સંચાલક કેશરીસિંહ ચૌહાણના પ્રતિકમોલ પાછળ ઉર્જાનગર-૨ ખાતેના નિવાસસ્થાને ઉઘરાણી કરવા પહોંચ્યા હતા. સ્કીમ સંચાલકોનો દાવો છે કે સરકાર દ્વારા ટાઉનશીપની મંજૂરી આપવાનું બંધ કરી દેવાતા આ પરિસ્થિતિ સર્જાઈ છે જેથી તેના નાણાં ફસાઈ જવા પામ્યાં છે.

# દબાણકારોને નોટિસ ફટકારતી પાલનપુર નગરપાલિકા

પાલનપુર, તા. ૨૭

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાની હદમાં કેટલાક લોકોએ દબાણ કરી કાચા- પાકા મકાનો બનાવ્યા છે. આ દબાણકારો પાસેથી નગરપાલિકા દર વર્ષે નિયત કરેલા કરવેરા વસુલ કરે છે. જોકે, કેટલાક રિઢા બાકીદારો કરવેરા ભરપાઈ કરતા નથી. ત્યારે આવા ૨૦૦૦ રીઢા દબાણકારોને કરવેરા ભરી જવા આખરી નોટિસ ફટકારતા બાકીદારોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. પાલનપુર શહેરના કેટલાક વિસ્તારોમાં નગરપાલિકા હદમાં લોકો વર્ષોથી દબાણ કરી કાચા-પાકા મકાનો બાંધી વસવાટ કરી રહ્યા છે. નગરપાલિકા દ્વારા આવા દબાણોનું વોર્ડ વાઈઝ સરવે કરી દબાણવાળી મિલ્કતો પાલિકાના દબાણ આકારણી રજીસ્ટરે નોંધવામાં આવી છે. અને દબાણકર્તાઓ પાસેથી નિયત કરેલો ઘરવેરો, શિક્ષણવેરો, ખાસ પાણીવેરો, જાહેર દિવાબત્તી વેરો, ભૂગર્ભ વેરો ખાળકુઈ વેરો વસુલવામાં આવે છે.

### કાયદો અને કાનૂન

● ચોથા પાનાનું ચાલું

રાજકિય પક્ષો દ્વારા કરવામાં આવતા લોક તંત્ર ઉપર ન્યાય તંત્રની વિશ્વાસનિયતા ઘટાડવાના ભરપુર પ્રયાસ કરવામાં આવ્યા.

આવો જ એક બનાવ એસ. ટી. એસ. સી. અત્યાચારના મામલે પુરતી તપાસ સીવાય ગુન્હેગારની ધરપડક એકતરફી રીતે કરવાની પ્રક્રિયા ઉપર રોક લગવવા ન્યાય તંત્રને અપાહિજ કરવા રાજકિય પક્ષો દ્વારા સર્વોચ્ચ ન્યાયાલય પોતાની મરજી હોવા છતા નિર્ણય લઈ શકતા નથી.

તાજેતરમાં કર્ણાટકની ચૂંટણીમાં પણ રાજય તંત્રના નિર્ણય સામે કોગ્રેંસે રાત્રે સુપ્રમિ કોર્ટના દરવાજા ખટખટાવી ન્યાય મેળવ્યો અને બહુમતી સિધ્ધ કરતા પહેલા જ કર્ણાટકમાં યદુરપ્પાને રાજીનામું આપવું પડયું. આ ન્યાયતંત્ર ઉપર રજય તંત્રે મુકેલા વિશ્વાસનું પરિણામ છે તે પહેલા ન્યાય તંત્ર ઉપર રાજકિય પક્ષોએ અવિશ્વાસથી શંકાભરી નજરે જોઈ તે રીતે મીડીયામાં અન્ય રાજયના રાજયપાલોએ લીધેલા નિર્ણયને મુલવી ન્યાય તંત્ર ઉપર અવિશ્વાસ રાખેલ છેવટે લોક તંત્રમાં વિજયતો ન્યાય તંત્રનો જ થાય છે.

### અતિતની આજ

● ચોથા પાનાનું ચાલું

અહેવાલના જનક અલઘને કશું ખોટું લાગતું નથી

કોલકાતા ખાતેની આઈઆઈએમમાં પ્રાધ્યાપક રહેલા અને જાણીતા અર્થશાસ્ત્રી તેમજ ગુજરાતના જમાઈ પ્રા.અલઘ સાથે અમે કેન્દ્ર સરકારના સનદી અધિકારીઓને ફાઉન્ડેશન કોર્સ પછી કૅડરની ફાળવણી કરવાના પગલા અંગે પૂછ્યું તો એમણે એને આવકાર આપ્યો.સેન્ટ્રલ યુનિવર્સિટી ઑફ ગુજરાતના ચાન્સેલર પ્રા.અલઘ કહે છે કે યુપીએસસીની પસંદગી યાદીમાં સમાવાયેલા સફળ ઉમેદવારોને એમની આવડત,રસનો વિષય કે પસંદગીના ક્ષેત્રમાં કામ કરવાની તક મળે એ રીતે એમનું પરીક્ષણ થાય તો એનાથી અંતે તો દેશની વહીવટી વ્યવસ્થાનું માળખું મજબૂત થશે.કેટલાક આઈએએસ કે અન્ય સેવાના અધિકારીઓના આત્મહત્યાના દાખલા આપણી સામે આવે છે.પોતાને નહીં ગમતા કે પોતાનાથી નહીં થતા કામને વેંઢારવા જતાં અમુક અધિકારીઓ આપઘાત કરે છે કે માનસિક દબાણ હેઠળ જીવે છે.મસૂરીની લાલબહાદૂર શાસ્ત્રી નેશનલ ઍકેડૅમી ઓફ ઍડમિનિસ્ટ્રેશન કે હૈદ્રાબાદની સરદાર પટેલ નેશન પોલીસ ઍકેડૅમીમાં ફાઉન્ડેશન કોર્સની ગુણવત્તા અને મનોવૈજ્ઞાનિક ચકાસણીને અંતે સફળ ઉમેદવારોને યોગ્યતાનુસાર કૅડરની ફાળવણી થાય,એ આવકાર્ય પગલું ગણાશે.અલઘ સમિતિના અહેવાલના દસમા પ્રકરણમાં સૂચવાયું છે કે આ સઘળી પ્રક્રિયા,અનામતની ટકાવારીની જાળવણી તથા જે તે વ્યક્તિના રસના વિષયમાં વધુ વિશદ તાલીમ તેમજ સંબંધિત કૅડરમાં રહીને જે તે ક્ષેત્રમાં કામ કરવાની વ્યાવસાયિક સૂઝ માટે યોગ્ય તાલીમ અપાય એવી વ્યવસ્થા રહે.એમનું કહેવું છે કે કોઈપણ સુધારા સામે પ્રારંભિક વિરોધ તો ઊઠવાનો,પણ એનો અર્થ એવો નથી કે સુધારા કરવાનો વિચાર માંડી વાળવામાં આવે.

સનદી અધિકારીઓ ત્યારે અને અત્યારે

વર્ષ ૧૯૪૭માં ભારતને આઝાદી મળી. બ્રિટિશ શાસકો ઉચાળા ભરીને સ્વદેશ પાછા ફર્યા, એ પૂર્વે બ્રિટિશ ઈન્ડિયા એટલેકે અવિભાજ્ય ભારતનો વહીવટ કરવા માટે જેટલી સંખ્યામાં સનદી અધિકારીઓ હતા એની તુલનામાં આજે અનેકઘણા વધુ સનદી અધિકારીઓ એકલા ભારતમાં કેન્દ્ર અને રાજ્યોનો વહીવટ કરવા માટે છે.

૧૯૪૭માં કુલ ૯૮૦ આઈસીએસ અધિકારીઓ સમગ્ર ભારતનો વહીવટ કરતા હતા.તેમાં ૪૬૮ યુરોપિયન, ૩૫૬ હિંદુ,૧૦૧ મુસ્લિમ, માત્ર બે દલિત વર્ગના, પાંચ સ્થાનિક યુરોપિયન અને ઍંગ્લો-ઈન્ડિયન, ૨૫ ભારતીય ખ્રિસ્તી,૧૩ પારસી, ૧૦ શીખ અને અન્ય સમાજના ચાર સનદી અધિકારી હતા.ડૉ.જીતેન્દ્ર સિંહે લોકસભામાં આપેલા ઉત્તર મુજબ, અત્યારે કુલ માન્ય કરાયેલી ૬,૩૯૬ જેટલી સનદી અધિકારીઓની જગ્યાઓમાંથી ૪,૯૨૬ આઈએએસ કાર્યરત છે.૧,૪૦૦ આઈએએસ અને ૯૦૦ આઈપીએસની તૂટ છે.જોકે સમગ્રદેશમાં આઝાદીથી અત્યાર લગી ડાયરેક્ટ રીક્રુટ અને પ્રમોટી બધા થઈને ૨૦,૦૦૦થી ૨૨,૦૦૦ આઈએએસ થયા હોવાનો અંદાજ ગુજરાતના ડાયરેક્ટ રીક્રુટ એવા રાજ્ય સરકારના મુખ્ય સચિવ રહેલા પ્રવીણભાઈ લહેરી કહે છે.લહેરીએ અમારી સાથેની વાતમાં જણાવ્યું હતું કે આઝાદીનાં પ્રારંભિક વર્ષોમાં ૩,૦૦૦ થી ૩,૫૦૦ આઈએએસ સેવામાં હતા.આ આંકડો હવે ૬,૦૦૦ને આંબી ગયો છે.અગાઉ માત્ર અંગ્રેજીમાં જ સનદી સેવાની પરીક્ષા લેવાતી હતી,એ સમયાંતરે હવે તમામ રાજ્યોની ભાષામાં લેવાય છે.ડાયરેક્ટ રીક્રુટ અને પ્રમોટીનો રેશિયો ૬૦:૪૦નો હોવા છતાં સમયાંતરે પ્રમોટીનું સંખ્યાબળ વધતું જાય છે.

નિવૃત્ત મુખ્ય સચિવનું કહેવું છે કે ૧૯૯૦ સુધી તો સૌથી ટોચની રેન્ક મેળવનારા વિદેશ સેવામાં જવાનું પસંદ કરતા હતા,પણ હવે એ વલણ બદલાયું છે.સૌથી ટોચની રેન્કવાળા આઈએએસમાં જવાનું પસંદ કરે છે,એ પછી આઈપીએસ અને કેન્દ્રીય સેવાઓમાં જવાનું વલણ જોવા મળે છે.હવે લગભગ બધા જ સ્નાતકોને માટે સનદી સેવાનાં દ્વાર ખુલી ગયાં છે.દર વર્ષે ૧૦૦થી ૧૧૫ જણા આઈએએસ માટે, ૫થી ૧૦ જણા આઈએફએસ માટે અને ૬૦થી ૮૦ આઈપીએસ માટે પસંદગી પામે છે.આ સિવાયની કેન્દ્રીય સેવામાં દર વર્ષે ૯૦૦ જણ જોડાય છે.દર વર્ષે ૨૧ એપ્રિલને સનદી સેવા દિવસ તરીકે મનાવવામાં આવે છે.ભારતીય સનદી સેવાના સંસ્થાપક અને ભારતના પ્રથમ નાયબ વડા પ્રધાન રહેલા સરદાર પટેલે સનદી અધિકારીઓને દેશના હિતના સાચા સંરક્ષક કહીને બંધારણીય સુરક્ષાકવચ પ્રદાન કરાવ્યું હતું.સનદી અધિકારીઓએ સરદારને અભિપ્રેત તેમની ભૂમિકા વિશે આત્મનિરીક્ષણ કરવાનો સમય આવી ગયો છે.

haridesai@gmail.com

### નબળી કામગીરી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આરોગ્ય વિભાગના તેમજ તાલુકા કક્ષાએ તાલુકા વિકાસ અધિકારીઓ સહિતના સૌને કામે લગાડવા અને ઝડપથી કાર્યવાહી પૂર્ણ થાય તે જોવા જણાવ્યું છે.

જિલ્લાઓમાં કર્મચારીઓની ઘટને કારણે તંત્ર કેટલું ખોડંગાઈ રહ્યું છે તે છેલ્લા કેટલાક પખવાડિયાથી સતત આવી રહેલા અખબારી અહેવાલોમાં છતુ થઈ રહ્યું છે. રાજયમાં પ્રધાનમંત્રીશ્રીની ફ્લેગશીપ યોજનાનું પણ મોનીટરીંગ યોગ્ય રીતે થતું નહિ હોવાથી ગુજરાત મોડેલ પર તેની વિપરીત અસરો જોવા મળી રહી છે.

### ગણતરીમાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એક અવલોકન આ લેખકનું એવું પણ રહ્યું છે કે નગર વિસ્તારમાં વસતા વિદ્યાર્થીઓ પણ પોતાના શહેરથી નજીકના મોટા શહેરમાં અભ્યાસ કરવાનું વધુ પસંદ કરે છે. ઉદાહરણ તરીકે જો આ ચકાસણી કરવામાં આવે તો એ ખરેખર સ્પષ્ટ થાય એમ છે. અત્યારે ધો. ૧૨ના પરિણામો જાહેર થવાના દિવસો છે. પરિણામમાં ગાંધીનર શહેરની જે શાળાઓ છે એ શાળાના ધો. ૧૨માં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ માટે અમદાવાદની કોલેજોને જ પ્રાધાન્ય આપે છે. ગાંધીનગરમાં આવેલી આર્ટસ, કોમર્સ અને સાયન્સની સરકારી કે ખાનગી કોલેજોમાં તેઓ પ્રવેશ લેવાનું સ્વીકારતા નથી, આ હકીકત છે.

વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ઉચ્ચ શિક્ષણ સ્થાનિક નગરમાં નહીં પણ અન્ય મોટા નગરમાં લેવાનું વલણ કદાચ એ પણ હોય કે મહાનગરમાં અભ્યાસ કરવા જવાના કારણે શિક્ષણ ઉપરાંત અન્ય કુશળતાઓ, પ્રશ્નોને ઉકેલવાની આવડતમાં વધારો થાય. ટુંકમાં, આપણે જ્યારે કોઈ માણસ ગમે તેવી પરિસ્થિતિમાં રસ્તો કાઢી લેતો હોય ત્યારે એક ગુજરાતી કહેવતનો ઉપયોગ કરીએ છીએ, 'એણે તો ઘાટ ઘાટના પાણી પીધા છે' - જ્યારે વિદ્યાર્થીના ઉચ્ચ શિક્ષણની વાત આવે ત્યારે પોતાના નિવાસસ્થાનથી ૨૦-૩૦ કિ.મી. દૂર દરરોજનું અપડાઉન કરીને ભણવા જવામાં 'આ ઘાટ ઘાટના પાણી'નો કસબ તેનામાં આવે એવો આશાવાદ જોવાતો હશે એમ સમાજજીવનની તાસીર દર્શાવે છે.

ગુજરાત અને ગાંધીનગરની શાળા-કોલેજો અને શિક્ષણની વધુ વાતો આંકડાના આધારે આવતા અંકમાં ફરી સમજશું.

(લેખક સમાજશાસ્ત્રના સહ પ્રાધ્યાપક છે.)

કંપની સમાચાર

# ગુજરાતમાં સૌપ્રથમવાર પ્રિ-પ્રાયમરી અને પ્રાયમરી શિક્ષણથી જ બાળકને સક્ષમ બનાવવાનો નવતર અભિગમ

કલાપી અને દાલીયા ગ્રુપ દ્વારા ગુજરાતમાં શ્રેષ્ઠ એકેડેમિક અને ટેકનોલોજીના શિક્ષણ માટે છેલ્લા ૨૫ વર્ષથી શિક્ષણમાં અગ્રેસર બ્રાન્ડસ સાથે મળીને ૨૧મી સદીનું આઈડીયા, ઈનોવેશન, સેલ્ફ કોન્ફીડન્સ, સ્કીલ તેમજ વિશ્વની શ્રેષ્ઠ ટેકનોલોજી સાથેના શિક્ષણની મણીનગર (જવાહર ચોક) અમદાવાદ ખાતે નવી શરૂઆત ૨૬-૫-૨૦૧૮ને શનિવારના રોજ સાંજે ૬.૩૦ કલાકે થઈ છે. જેમાં સોલારિસ કીડ્સ, આઈઆઈટી નર્સરી તેમજ ફલોરા-૯ જેવી ત્રણ બ્રાન્ડસ વર્ષ ૩ થી ૧૪ સુધીના બાળકોને પ્રિપ્રાયમરી-પ્રાયમરીનું વિશ્વકક્ષાનું શિક્ષણ આપશે.

આ પ્રસંગે કલાપી એજ્યુકેશન ગ્રુપના ડાયરેક્ટર મનીષ રાવલે જણાવ્યું હતું કે, આપણી વર્ષો જુની ગુરૂકુલમ પદ્ધતિ ગીતા, રામાયણ, મહાભારત, ઉપનિષદ અને ચાર વેદોના જ્ઞાનનું પ્રાથમિક જ્ઞાન અમે બાળકોને આપી આપણી ભારતીય સંસ્કૃતિની ઓળખ કરાવીશુ. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અમેરિકા, લંડન, ઓસ્ટ્રેલિયા, કેનેડા, યુરોપ જેવા વિકસીત દેશોની શિક્ષણ પદ્ધતિ અને ભારતમાં ચાલી રહેલી શિક્ષણ પદ્ધતિ વચ્ચે ૧૦ વર્ષની ઉંડી ખાઈ છે, તે પૂરાય તે હેતુથી આ સ્કૂલ શરૂ કરીને વિકસીત દેશોની શિક્ષણ પ્રણાલી ભારતીય વિદ્યાર્થીઓને મળી રહે તેવો અમારો પ્રયાસ છે.

બાળકોને સ્પર્ધાત્મક પરીક્ષાનો પાયો બાંધવા લાગણી અને લોજિક (તર્ક) દ્વારા જમણા અને ડાબા બ્રેઈનનો ઉપયોગ સરખી રીતે કરી શકે તેવી ભારતમાં અમારી સૌપ્રથમ શિક્ષણની શરૂઆત છે.

# હોન્ડા કાર્સ ઈન્ડિયા દ્વારા ભારતમાં સંપૂર્ણ નવી બીજી પેઢીની હોન્ડા અમેઝ ગુજરાતમાં લોન્ચ કરવામાં આવી

પ્રીમિયમ કાર્સની અગ્રણી ઉત્પાદક હોન્ડા કાર્સ ઈન્ડિયા લિ. (એચસીઆઈએલ) દ્વારા આજે ભારતીય બજારમાં બહુપ્રતિક્ષિત સંપૂર્ણ નવી બીજી પેઢીની હોન્ડા અમેઝ રજૂ કરવામાં આવી હતી. નવા મંચ પર નિર્મિત બીજી પેઢીની અમેઝ ગ્રાહકોને ખુશી આપવા માટે સંશોધન અને વિકાસમાં નાવીન્યતાના હોન્ડાના જોશને સમાવે છે. કાર તેની સંપૂર્ણ નવી બોલ્ડ ડિઝાઈન, આધુનિક અને મોકળાશભર્યુ ઈન્ટીરિયર, વધુ કાર્યક્ષણ પાવરટ્રેન, અનન્ય ડ્રાઈવિંગ ગતિશીલતા, આધુનિક ફીચર્સ અને સુરક્ષાની ટેકનોલોજીઓ સાથે પ્રીમિયમ અનુભવ કરતાં એક ક્લાસ ઉપર લઈ જાય છે. સંપૂર્ણ નવી અમેઝમાં ભારતીય બજારમાં ઉદ્યોગની સૌપ્રથમ ડીઝલ સીવીટી ટેકનોલોજી છે, જે શક્તિશાળી અને આસાન ડ્રાઈવિંગ અનુભવ આપે છે. આ અવસરે બોલતાં હોન્ડા કાર્સ ઈન્ડિયાના સેલ્સ અને માર્કેટિંગના એસવીપી અને ડાયરેક્ટર રાજેશ ગોયલે જણાવ્યું હતુ કે સંપૂર્ણ નવી અમેઝ ભારતીય ગ્રાહકોની જરૂરતો અને આકાંક્ષાઓને નજર સમક્ષ રાખીને વિકસાવવામાં આવી છે. આ હોન્ડાનું મોટુ વચન છે અને અમને વિશ્વાસ છે કે સંપૂર્ણ નવી અમેઝ એચસીઆઈએલના વેપારનો મજબૂત પાયામાંથી એક બની રહેશે. આ મોડેલ સેગમેન્ટમાં નવો રોમાંચ નિર્માણ કરશે.

ભારતીય ગ્રાહકોને આધુનિક ટેકનોલોજીઓ આપવાની અમારી કટિબદ્ધતાની રેખામાં અમેઝ આધુનિક ડીઝલ સીવીટી સાથે આવે છે, જે દુનિયામાં હોન્ડાની પ્રથમ આવી ટેકનોલોજી છે.